For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ગોત્રી વિસ્તારના ગોકુળનગરનાકાર્યાલયમાં બનેલી ઘટનાથી ચકચાર

# ચૂંટણીજંગ પૂર્વે 'પોસ્ટરવોર' ગરમાઈ વોર્ડ-10ના કોંગ્રેસ કાર્યાલયમાં તોડફોડ

**નજીવી** બાબતે સ્થાનિકો અને કાર્યકરો વચ્ચે તકરાર થતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો, અંતે સમાધાનનો સ્વીકાર

(પ્રતિનિધિ) વડોદરા તા.19

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામ્યો છે ત્યારે વડોદરાના રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. શહેરના વોર્ડ નંબર 10 વિસ્તારમાં આવેલા કોંગ્રેસના ચૂંટણી કાર્યાલય પર તોડફોડની ઘટના સામે આવતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. ગોત્રી વિસ્તારના ગોકુળનગર ખાતે આવેલા કાર્યાલયમાં સ્થાનિકો દ્વારા તોડફોડ કરવામાં આવી હોવાના અહેવાલોથી રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ તેજ બની હતી. જોકે, આ સમગ્ર મામલો ગોત્રી પોલીસ સ્ટેશન પહોંચતા બંને પક્ષો વચ્ચે અંતે સુખદ સમાધાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની વિગત મુજબ, વોર્ડ નંબર 10 માં આગામી 26 તારીખે યોજાનારી ચૂંટણીને લઈ પ્રચાર પ્રસાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. આ દરમિયાન અયોધ્યા નગર સોસાયટીના રહીશો અને કાર્યાલયના કાર્યકરો વચ્ચે કોઈ નજીવી બાબતે તકરાર થઈ હતી. શરૂઆતમાં એવી અફવાઓ ફેલાઈ હતી કે ચૂંટણી પોસ્ટરો અને બેનરોને લઈને રોષે ભરાયેલા લોકોએ કાર્યાલયમાં તોડફોડ કરી છે. આ ઘટનાને પગલે વાતાવરણ તંગ બની ગયું હતું અને મામલો પોલીસના દ્વાર સુધી પહોંચ્યો હતો.

આ વિવાદ અંગે સ્પષ્ટતા કરતા કોંગ્રેસના અગ્રણી દીપ પરમારે જણાવ્યું હતું કે, આ કોઈ મોટો રાજકીય વિવાદ નથી પરંતુ સ્થાનિક રહીશો વચ્ચેની આંતરિક ગેરસમજ હતી. રહીશોમાં "મને પૂછ્યું નથી" જેવી સામાન્ય બાબતે મનદુઃખ થયું હતું, જેને કારણે આ સ્થિતિ સર્જાઈ હતી. તેમણે વધુમાં ઉમેર્યું કે સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમોમાં ફેલાઈ રહેલી અફવાઓ મુજબ કોઈ મોટા પાયે બેનરો ફાડવાની કે નુકસાનની ઘટના બની નથી. ચૂંટણીના છેલ્લા અઠવાડિયામાં વિરોધીઓ દ્વારા વાતાવરણ બગાડવા અફવાઓ ફેલાવવામાં આવતી હોય છે, પરંતુ અહીં રહીશો અને પક્ષના કાર્યકરોએ સમજદારીપૂર્વક વર્તી પોલીસની હાજરીમાં સમાધાન કરી લીધું છે.

ગોત્રી પોલીસે બંને પક્ષોની રજૂઆતો સાંભળી હતી અને કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારી રાખી હતી. અંતે, રહીશો અને કોંગ્રેસના પદાધિકારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી જેમાં તમામ પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું. ચૂંટણી ટાણે થયેલી આ નાનકડી હિંસક ઘટના અને ત્યારબાદ થયેલા સમાધાને સમગ્ર વિસ્તારમાં ચર્ચા જગાવી છે. હાલ પૂરતો મામલો શાંત પડ્યો છે અને ચૂંટણી પ્રચાર ફરી ધમધમતો થયો છે.

## ગરમીમાં આંશિક ઘટાડો,તાપમાન 39.6 ડીગ્રી નોંધાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

વડોદરા શહેરમાં ગરમીના તાપમાનમાં સામાન્ય ઘટાડો થયો છે. શનિવારે મહત્તમ તાપમાન 40.8 ડીગ્રી રહ્યા બાદ રવિવારે ઘટાડા સાથે 39.6 ડીગ્રી અને લઘુતમ તાપમાન 26.8 ડીગ્રી નોંધાયું હતું. જ્યારે, સવારે હવામાં ભેજનું પ્રમાણ 42 ટકા અને સાંજે 21 ટકા નોંધાયું હતું. આજથી વતાવરણમાં પલટો આવવાની સંભાવના છે. સિસ્ટમ સક્રિય થતા 21 એપ્રિલ સુધી વડોદરા આસપાસ કમોસમી વરસાદની આગાહી છે. જેથી વાદળો છવાતા ગરમીમાં આંશિક ઘટાડો જોવા મળી શકે છે. 21મી બાદ ગરમી વધશે. હવામાન વિભાગે રાજ્યમાં 19થી 22 એપ્રિલ સુધી કમોસમી વરસાદનું અનુમાન વ્યક્ત કર્યુ છે. વેધરની બદલાતી પેર્ટનને જોતા લગભગ એપ્રિલના અંત સુધી રાજ્યમાં વાદળછાયુ વાતાવરણ રહેશે, જેથી તાપમાનમાં પણ ઘટાડો થશે. 19થી 22 એપ્રિલ દરમિયાન રાજ્યમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે છૂટછવાયો હળવો વરસાદ થઈ શકે છે.

### બીજા માળે ચઢી બાળકને પકડતાં સ્થાનિકોએ બૂમાબૂમ કરી મૂકી

# લલિતા ટાવર પાસે બાળક ઉઠાવનાર શંકાસ્પદ શખ્સને જાગૃત નાગરિકોએ મેથીપાક ચખાડ્યો

**ભાગવાનો** પ્રયાસ કરતાં લોકોએ તેને પોલીસને સોંપતા પોલીસ શંકાસ્પદ શખ્સ બાળકચોર છે કે નહીં તે દિશા તપાસ હાથ ધરી



(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરા શહેરના લલિતા ટાવર પાછળ આવેલા રહેણાંક વિસ્તારમાં આજે એક સનસનાટીભરી ઘટના સામે આવી છે, જેમાં એક શંકાસ્પદ શખ્સ દ્વારા બાળકને ઉઠાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, સ્થાનિકોની સતર્કતાને કારણે આ પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો અને લોકોએ શંકાસ્પદ શખ્સને ઝડપી પાડી મેથીપાક ચખાડતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

ઘટનાની વિગત મુજબ, લલિતા ટાવર પાછળના વિસ્તારમાં એક અજાણ્યો શખ્સ શંકાસ્પદ હાલતમાં ઘૂસી આવ્યો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આ શખ્સ બીજા માળે ચઢીને ત્યાં હાજર એક બાળકને પકડવાનો કે ઉઠાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ દ્રશ્ય જોઈ જતાં જ એક જાગૃત નાગરિકે જોરજોરથી બૂમાબૂમ કરી મૂકી હતી. લોકોની બૂમો સાંભળીને આસપાસના રહીશો તુરંત દોડી આવ્યા હતા.

પોતાને ઘેરાયેલો જોઈ શંકાસ્પદ શખ્સે ત્યાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ એકઠા થયેલા રોષે ભરાયેલા સ્થાનિકોએ તેને ભાગવા દીધો નહોતો. લોકોએ પીછો કરીને તેને ઝડપી પાડ્યો હતો અને પોલીસને સોંપતા પહેલા રોષે ભરાયેલા ટોળાએ તેને બરાબરનો મેથીપાક ચખાડ્યો હતો.

આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભય અને ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ જણાવ્યું હતું કે, જો સમયસર બૂમાબૂમ ન થઈ હોત તો કોઈ મોટી દુર્ઘટના ઘટી શકી હોત. હાલમાં આ શખ્સ ખરેખર બાળક ચોર ગેંગનો સભ્ય છે કે અન્ય કોઈ ઈરાદાથી આવ્યો હતો તે અંગે વધુ તપાસની માંગ ઉઠી છે.

### વિશ્વાસ જીતવા પહેલા નાનું વળતર આપ્યું

# રોકાણકારોને એકના ડબલની લાલચ આપી રાજસ્થાનનો યુવક 2 કરોડ લઈને રફૂચક્કર

**કરોડોની** રકમ ઓળવી જઈ ઠગબાજ જીતેન્દ્રસિંહ ઉર્ફે પટેલ ભાઈ ફરાર



(પ્રતિનિધિ) વડોદરા તા.19

શહેરમાં ઓછા રોકાણમાં વધુ વળતરની લાલચ આપી નિર્દોષ નાગરિકોને ઠગતી એક ટોળકીનો પર્દાફાશ થયો છે. વડોદરામાં ઝટપટ નફાની લાલચમાં અનેક લોકોએ પોતાની મહેનતની કમાણી ગુમાવવાનો વારો આવ્યો છે. મૂળ રાજસ્થાનના અને 'પટેલભાઈ' તરીકે ઓળખાતા જીતેન્દ્રસિંહ માનકસિંહ રાજપુરોહિત સામે દોઢ થી બે કરોડ રૂપિયાની છેતરપિંડીના ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

આ ભેજાબાજ શખ્સની કામ કરવાની પદ્ધતિ ખૂબ જ શાણી હતી. તે લોકોને સસ્તું સોનું, સસ્તા ઈલેક્ટ્રોનિક સાધનો અથવા તો ઓનલાઈન સ્કીમ જેવી લોભામણી લાલચો આપતો હતો. શરૂઆતમાં તે લોકો પાસે નાનું રોકાણ કરાવતો અને તેના પર સારું વળતર પરત આપી તેમનો વિશ્વાસ જીતી લેતો હતો. એકવાર રોકાણકારને વિશ્વાસ બેસી જાય કે આ સ્કીમ ફાયદાકારક છે, એટલે તેઓ મોટું રોકાણ કરવા પ્રેરાતા. જ્યારે રોકાણકારો મોટી રકમ જમા કરાવતા, ત્યારે આ ઈસમ નાણાં લઈને ગાયબ થઈ જતો હતો. તપાસમાં સામે આવ્યું છે કે જીતેન્દ્રસિંહ રાજપુરોહિત ઉર્ફે પટેલભાઈ અગાઉ પણ વડોદરાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં છેતરપિંડીના ગુનામાં ઝડપાઈ ચૂક્યો છે અને જેલની સજા પણ ભોગવી છે. તેમ છતાં, જેલમાંથી બહાર આવ્યા બાદ તેણે ફરીથી આ જ પ્રકારે લોકોને છેતરવાનું શરૂ કર્યું હોવાનું બહાર આવ્યું છે. હાલમાં તેની સામે ફરી એકવાર છેતરપિંડીના આક્ષેપો સાથે ભાંડાફોડ થયો છે અને ભોગ બનનારાઓએ ન્યાયની માંગ કરી છે.

પોલીસ અને તંત્ર દ્વારા જનતાને અપીલ કરવામાં આવી છે કે, જો કોઈ વ્યક્તિ ટૂંકા સમયમાં નાણાં ડબલ કરી આપવાની અથવા તો બજારભાવ કરતા ખૂબ જ સસ્તી વસ્તુઓ આપવાની લાલચ આપે, તો તેનાથી સાવધ રહેવું. કોઈપણ સ્કીમમાં રોકાણ કરતા પહેલા તેની સત્યતા તપાસવી અનિવાર્ય છે. જો તમારી આસપાસ પણ આવો કોઈ શખ્સ લોભામણી લાલચ આપતો દેખાય, તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવો જોઈએ જેથી વધુ લોકોને છેતરાતા બચાવી શકાય.

# IPL મેચ પર સટ્ટો રમતા 5 શખ્સો ઝડપાયા , PCBની મોટી કાર્યવાહી



(પ્રતિનિધિ) વડોદરા. તા.19

વડોદરા શહેર પોલીસ કમિશનરના સખત નિર્દેશો હેઠળ પ્રોહી-જુગાર વિરોધી અભિયાનમાં ક્રાઈમ બ્રાન્ચે અલકાપુરી વિસ્તારમાં સફળ કાર્યવાહી કરી હતી. અરુણોદય સર્કલ નજીક આવેલી અરુણોદય સોસાયટીના એક મકાનમાં પ્રોજેક્ટર પર આઈપીએલ મેચ જોઈ ઓનલાઈન સટ્ટો રમતા પાંચ ઈસમોને પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

બાતમીના આધારે પીઆઈ જે.આર. ગામીત અને તેમની ટીમે સ્થળ પર રેઈડ પાડી કાર્યવાહી હાથ ધરી હતી. દરોડા દરમિયાન કુલ રૂ.2.91 લાખથી વધુના મુદ્દામાલ સાથે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. જેમાં રૂ.10,720 રોકડ, પાંચ મોબાઈલ ફોન, પ્રોજેક્ટર, ડીટીહ સેટટોપ બોક્સ અને પાંચ વાહનોનો સમાવેશ થાય છે.

ઝડપાયેલા આરોપીઓમાં અશોક ખરાલ, ધર્મેશ કહાર, પીયુષ તડવી, સુનિલ બારૈયા અને વિજય વાઘેલા–all વડોદરા શહેરના રહેવાસીઓ છે. તમામ વિરુદ્ધ સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં જુગાર અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

આ ઓપરેશનમાં પીઆઈ ગામીત સાથે પીએસઆઈ વાય.વી. પટેલ સહિત ટીમના અન્ય સ્ટાફે મહત્વની ભૂમિકા ભજવી હતી. પોલીસની આ કડક કાર્યવાહીથી શહેરમાં સટ્ટાબાજી કરતા તત્વોમાં ચકચાર મચી છે.

# 2 સાયબર ગેંગનો પર્દાફાશ : 210 કરોડના ટ્રાન્ઝેકશન અને 273 ગુનાઓને ભેદ ઉકેલાયો

**સાયબર** ક્રાઈમે સાત શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી



(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરા શહેરમાં વધી રહેલા સાયબર ક્રાઈમ વચ્ચે પોલીસને મોટી સફળતા મળી છે. શહેરમાંથી કાર્યરત બે કુખ્યાત સાયબર ગેંગનો પર્દાફાશ કરતાં પોલીસે અંદાજે 210 કરોડ રૂપિયાની આર્થિક છેતરપિંડીનો ખુલાસો કર્યો છે. આ કેસમાં પોલીસે સાત આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

સાયબર સેન્ટર ઓફ એક્સિલન્સના પીઆઈ જે.એસ. પટેલ અને વાયરલેસ પીઆઈ જોટાણીયાની ટીમે સુચિત અને ઝીણવટભરી તપાસ બાદ આ ઓપરેશન પાર પાડ્યું હતું. તપાસમાં સામે આવ્યું કે ગેંગ વડોદરાના વિવિધ વિસ્તારોમાંથી સક્રિય રહી પોતાનું નેટવર્ક સંચાલિત કરતી હતી. પકડાયેલા આરોપીઓમાં અબ્દુલ કબીર, મોહમ્મદ ઈલિયાસ પઠાણ, વિવેક વણજારા, મયંક ભૈરવા, રોહિત વર્મા, મોહિત રાવલ અને દીપેશ રાજપુરોહિતનો સમાવેશ થાય છે.

પોલીસે આરોપીઓ પાસેથી નવ બેંક પાસબુક, 39 ડેબિટ કાર્ડ, 10 ક્યુઆર કોડ તેમજ વિવિધ બેંકોની ચેકબુકો જપ્ત કરી છે. આ ગેંગ ડિજિટલ એરેસ્ટ, ઈન્વેસ્ટમેન્ટ, યુપીઆઈ, લોન, પાર્ટ ટાઈમ જોબ અને ગેમિંગ ફ્રોડ જેવા જુદા જુદા માધ્યમોથી લોકોને છેતરતી હતી. પ્રાથમિક તપાસ મુજબ, આ ગેંગ લગભગ 273 સાયબર ગુનાઓમાં સંકળાયેલી હોવાનું સામે આવ્યું છે.

આ કેસમાં 210 કરોડથી વધુની રકમની હેરફેર સામે આવતા પોલીસ પણ ચોંકી ઉઠી છે. હાલ સાત આરોપીઓ પકડાયા છે, પરંતુ મુખ્ય સૂત્રધારો હજુ ફરાર છે. તેમને ઝડપવા માટે પોલીસ દ્વારા અલગ-અલગ ટીમો બનાવી તપાસ વધુ તેજ કરવામાં આવી છે. આગામી સમયમાં આ સાયબર રેકેટમાં વધુ મોટા નામો બહાર આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

### હવે બિલ્ડર આ સાઈટ પર કોઈ પણ નવી જાહેરાત આપી શકશે નહીં

# ગુજ-રેરાનો ફતેગંજમાં કાર્યરત 'ધ વિસ્ટા રેસિડેન્શિયલ' પ્રોજેક્ટનું રજિસ્ટ્રેશન રદ

**ઇનબ્રિક્સ** ડેવલપર્સના પ્રોજેક્ટ પર માર્કેટિંગ, બુકિંગ અને વેચાણ અંગે તાત્કાલિક પ્રતિબંધ

(પ્રતિનિધિ) વડોદરા તા.19

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (ગુજ-રેરા) એ રિયલ એસ્ટેટ ક્ષેત્રે ગ્રાહકોના હિતનું રક્ષણ કરવા માટે એક મોટો નિર્ણય લેતા વડોદરાના ફતેગંજ વિસ્તારમાં નિર્માણાધીન 'ધ વિસ્ટા રેસિડેન્શિયલ' પ્રોજેક્ટનું રજિસ્ટ્રેશન રદ કરી દીધું છે. ઈનબ્રિક્સ ડેવલપર્સ દ્વારા સંચાલિત આ પ્રોજેક્ટમાં નિયમોના ભંગ બદલ રેરાએ આ આકરું પગલું ભર્યું છે. આ આદેશની સાથે જ પ્રોજેક્ટના તમામ પ્રકારના માર્કેટિંગ, નવા બુકિંગ અને વેચાણ પ્રક્રિયા પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે.

રેરા સમક્ષ રજૂ થયેલી વિગતો અને આંતરિક તપાસ બાદ ઓથોરિટી એ નિષ્કર્ષ પર પહોંચી છે કે આ પ્રોજેક્ટમાં નિયત માપદંડોનું પાલન કરવામાં આવ્યું નથી. સામાન્ય રીતે પ્રોજેક્ટની સમયમર્યાદા, નાણાકીય પારદર્શિતા અથવા ડોક્યુમેન્ટેશનમાં ખામી જોવા મળે ત્યારે રેરા દ્વારા આવી કડક કાર્યવાહી કરવામાં આવતી હોય છે. 'ધ વિસ્ટા રેસિડેન્શિયલ' પ્રોજેક્ટનું રજિસ્ટ્રેશન મોકૂફ થતા હવે બિલ્ડર આ સાઈટ પર કોઈ પણ નવી જાહેરાત આપી શકશે નહીં કે ગ્રાહકો પાસેથી નાણાં સ્વીકારી શકશે નહીં.

આ વાત વાયુવેગે પ્રસરતા ફતેહગંજ વિસ્તારના આ પ્રોજેક્ટમાં રોકાણ કરનારા મધ્યમવર્ગીય પરિવારો અને રોકાણકારોમાં ભારે ચિંતાનું મોજું ફરી વળ્યું છે. અનેક ગ્રાહકોએ પોતાના જીવનભરની મૂડી આ પ્રોજેક્ટમાં રોકી છે, ત્યારે હવે તેમના રોકાણનું ભવિષ્ય શું હશે તેને લઈને અનેક સવાલો ઊભા થયા છે. રેરાએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, જો ડેવલપર દ્વારા આ આદેશનું ઉલ્લંઘન કરી છૂપી રીતે પણ કોઈ વ્યવહાર કરવામાં આવશે, તો તેમની સામે ભારે દંડ અને કાયદેસરની જેલભેગી કાર્યવાહી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી રેરા રિયલ એસ્ટેટ માર્કેટમાં શિસ્ત લાવવા માટે સક્રિય બન્યું છે. વડોદરાના આ કિસ્સાએ અન્ય બિલ્ડરો માટે પણ લાલબત્તી સમાન કિસ્સો પૂરો પાડ્યો છે. હવે જોવાનું એ રહેશે કે ઈનબ્રિક્સ ડેવલપર્સ આ મામલે રેરામાં અપીલ કરે છે કે ગ્રાહકોના નાણાં પરત કરવાની પ્રક્રિયા હાથ ધરે છે. હાલના તબક્કે તો 'ધ વિસ્ટા રેસિડેન્શિયલ' પ્રોજેક્ટનું કામકાજ અને વેચાણ સંપૂર્ણપણે અટકી ગયું છે.

# વેસ્ટર્ન રેલવેએ વેકેશન દરમિયાન મુસાફરો માટે સમર ટ્રેનો જાહેર કરી

( પ્રતિનિધિ )વડોદરા,તા.18

ઉનાળાના વેકેશન દરમિયાન મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને વેસ્ટર્ન રેલવેએ વિવિધ રૂટ પર સ્પેશિયલ ટ્રેનો દોડાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુસાફરોને કોઈ અગવડ ન પડે અને સરળ મુસાફરી મળી રહે તે માટે આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ખાસ કરીને મુંબઈ-અમદાવાદ વચ્ચે સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેન શરૂ કરાઈ છે, જે મુસાફરો માટે વધુ અનુકૂળ રહેશે.

વેસ્ટર્ન રેલવે દ્વારા જાહેર કરવામાં આવેલા સમયપત્રક અનુસાર સુરતના ઉધનાથી સાંત્રાગાછી વચ્ચે ટ્રેન નંબર 09053/09054 'અમૃત ભારત' સ્પેશિયલ 20 અને 25 એપ્રિલે દોડશે. આ ટ્રેન નંદુરબાર, ભૂસાવલ, નાગપુર, રાયપુર, બિલાસપુર અને ખડગપુર માર્ગે પસાર થશે. આ ટ્રેનમાં 22 અત્યાધુનિક કોચ સાથે મુસાફરોને વધુ સુવિધા મળશે.

બિહાર તરફ જતા મુસાફરો માટે ઉધના-જયનગર (09061/62) અને ઉધના-મધુબની (09067/68) અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેનો 19 એપ્રિલથી શરૂ થશે અને 20 એપ્રિલે પરત ફરશે. બંને ટ્રેનોમાં તમામ કોચ જનરલ રાખવામાં આવ્યા હોવાથી વધુમાં વધુ મુસાફરોને લાભ મળશે.

આ ઉપરાંત મુંબઈ સેન્ટ્રલ-ઈન્દોર સુપરફાસ્ટ ટ્રેન (09085/86) 20 એપ્રિલથી 29 મે દરમિયાન દર સોમવાર અને શુક્રવારે દોડશે, જે બોરીવલી, વાપી, સુરત, વડોદરા, દાહોદ, રતલામ અને ઉજ્જૈન થઈ જશે. જ્યારે મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેન (09087/88) 22 એપ્રિલથી 28 મે સુધી દર બુધવારે મુંબઈથી અને ગુરુવારે અમદાવાદથી દોડશે.

આ તમામ ટ્રેનો વડોદરા, સુરત અને વાપી જેવા મુખ્ય સ્ટેશનો પર રોકાશે. રેલવેએ મુસાફરોને અગાઉથી રિઝર્વેશન કરાવી સુવિધાનો લાભ લેવા અપીલ કરી છે.

### પુસ્તકિયા જ્ઞાનને બદલે કૌશલ્ય આધારિત શિક્ષણને મજબૂત બનાવવા નિર્ણય

# CBSEની તમામ સ્કૂલોએ 2027 સુધી 600 ફૂટમાં કોમ્પોઝિટ સ્કિલ લેબ બનાવવી પડશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા શાળાઓમાં માત્ર પુસ્તકિયા જ્ઞાનને બદલે કૌશલ્ય આધારિત શિક્ષણને મજબૂત બનાવવા માટે એક સીમાચિહ્નરૂપ નિર્ણય લેવામાં આવ્યો છે. નવી શિક્ષણ નીતિ અને એનસીએફ-એસઈ 2023 ના લક્ષ્યાંકોને પૂર્ણ કરવા માટે બોર્ડે તેની તમામ સંલગ્ન શાળાઓમાં કોમ્પોઝિટ સ્કિલ લેબ સ્થાપિત કરવાનું ફરજિયાત બનાવ્યું છે. આ પગલાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને પ્રાયોગિક અને અનુભવાત્મક શિક્ષણ આપીને વાસ્તવિક દુનિયાના પડકારો માટે તૈયાર કરવાનો છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનના જણાવ્યા અનુસાર, હવે વોકેશનલ એજ્યુકેશન શાળાકીય શિક્ષણનો અભિન્ન ભાગ બનશે. આ લેબ્સ દ્વારા વિદ્યાર્થીઓમાં રિયલ વર્લ્ડ કોમ્પિટન્સી વિકસાવવા, એક્ટિવિટી આધારિત શિક્ષણ અને મલ્ટી-ડિસિપ્લિનરી લર્નિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. વિદ્યાર્થીઓ વિવિધ ટેકનિકલ સાધનો અને પ્રયોગો દ્વારા વિષયોને માત્ર વાંચવાને બદલે અનુભવીને શીખશે, જેનાથી થિયરી અને પ્રેક્ટિકલ વચ્ચેનું અંતર ઘટશે.

#### બોર્ડે લેબની સ્થાપના માટેની માર્ગદર્શિક


1. **લેબનું કદ :** ધોરણ 6 થી 12 માટે 600 સ્ક્વેર ફૂટનું એક કોમ્પોઝિટ સ્કિલ લેબ બનાવવું પડશે.
2. **વૈકલ્પિક વ્યવસ્થા:** શાળાઓ બે અલગ લેબ પણ બનાવી શકે છે. (ધોરણ 6-10 માટે એક અને 11-12 માટે બીજી), જેમાં એક લેબ ઓછામાં ઓછી 400 સ્ક્વેર ફૂટની હોવી જોઈએ.
3. **સુવિધાઓ:** આ લેબ્સમાં જે-તે વિષયને અનુરૂપ સાધનો, જરૂરી મશીનરી અને પ્રયોગાત્મક સેટઅપ રાખવા ફરજિયાત છે.

#### સમયમર્યાદા આયોજનબદ્ધ રીતે આ દિશામાં આગળ વધવા સૂચના

નવી સંલગ્નતા મેળવતી શાળાઓ માટે આ લેબની સ્થાપના શરૂઆતથી જ ફરજિયાત રહેશે. જોકે,હાલમાં કાર્યરત શાળાઓને માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે પૂરતો સમય આપવામાં આવ્યો છે. આવી શાળાઓએ 22 ઓગસ્ટ 2027 સુધીમાં આ લેબ્સ કાર્યરત કરી દેવી પડશે. બોર્ડે શાળાઓને આયોજનબદ્ધ રીતે આ દિશામાં આગળ વધવા સૂચના આપી છે, જેથી શિક્ષણની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો લાવી શકાય.

# ગોરવાના આનંદ હોસ્પિટલમાં એસીમાં શોર્ટ સર્કિટથી આગ, 6 દર્દીઓનું રેસ્ક્યુ

**ઘટનાના** પગલે હોસ્પિટલમાં અફરાતફરી, સદનસીબે મોટી જાનહાનિ ટળી, ફાયર વિભાગની સમયસર કામગીરી



(પ્રતિનિધિ) વડોદરા. તા.19

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આવેલી ITI નજીકની આનંદ હોસ્પિટલમાં આજે અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. હોસ્પિટલના એક રૂમમાં રહેલા એર કન્ડિશનરમાં શોર્ટ સર્કિટ થવાને કારણે લાગેલી આ આગે થોડા જ સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. જોકે, ફાયર બ્રિગેડની ત્વરિત કામગીરીના કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

માહિતી મુજબ, બપોરના સમયે એર કન્ડિશનરમાં ટેકનિકલ ખામી સર્જાતા શોર્ટ સર્કિટ થયું હતું. તેના કારણે નીકળેલા તણખાએ એસીના પ્લાસ્ટિક ભાગો અને આસપાસની સામગ્રીને આગની ઝપેટમાં લઈ લીધી હતી. થોડી જ વારમાં ધુમાડો હોસ્પિટલના વોર્ડમાં ફેલાઈ જતા દર્દીઓ અને તેમના સ્વજનોમાં ભયનો માહોલ ઉભો થયો હતો.

ઘટનાની જાણ થતાં જ હોસ્પિટલ સ્ટાફે તરત જ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. તાબડતોબ પહોંચી ગયેલી ફાયર ટીમે સ્થાનિક સ્ટાફની મદદથી સારવાર લઈ રહેલા 5 થી 6 દર્દીઓને સલામત સ્થળે ખસેડ્યા હતા. ફાયર જવાનોની મહેનત બાદ આગ પર કાબૂ મેળવી લેવાયો હતો.

ફાયર અધિકારીઓએ જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટ આગનું કારણ હોવાનું જણાય છે અને સમયસર પગલાં લેવાતા આગને ફેલાતી અટકાવી શકાયી હતી. હોસ્પિટલ સંચાલકોએ તમામ દર્દીઓ સુરક્ષિત હોવાનું જણાવી તેમને જરૂર મુજબ અન્ય હોસ્પિટલોમાં ખસેડવાની વ્યવસ્થા કરી હોવાનું કહ્યું છે. આ ઘટનાએ શહેરની ખાનગી હોસ્પિટલોમાં ફાયર સેફ્ટી અને નિયમિત ઈલેક્ટ્રિકલ ચેકિંગ અંગે ફરી એકવાર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

# મકરપુરા ડેપો પાસે બે બાઈક વચ્ચે અકસ્માત , મહિલા-બાળકીને ઈજા

**અકસ્માત** સર્જનાર બાઇક ચાલક પોતાનું વાહન ઘટનાસ્થળે જ મૂકીને ફરાર

(પ્રતિનિધિ), વડોદરા. તા.19

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં ગતરોજ રાત્રે એક અકસ્માતની ઘટના સામે આવી છે. મકરપુરા ડેપોની બિલકુલ સામે બે બાઈક ચાલકો વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એક મહિલા અને એક નાની બાળકી ઘાયલ થયા હતા. અકસ્માત બાદ ફરજ ભાન ભૂલીને અકસ્માત સર્જનાર બાઈક ચાલક પોતાનું વાહન ઘટનાસ્થળે જ મૂકીને ફરાર થઈ જતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત રાત્રીના સમયે મકરપુરા ડેપો સામેના માર્ગ પરથી પસાર થતી બે બાઈકો વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે એક બાઈક પર સવાર મહિલા અને તેની સાથેની નાની બાળકી ફંગોળાઈને પડી ગયા હતા. આ અકસ્માતમાં બન્ને ને ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત સર્જનાર સ્પ્લેન્ડર બાઈક GJ 06 SP 5510 ના ચાલકે માનવતાને નેવે મૂકી હતી. અકસ્માત બાદ તે ઘાયલોને મદદ કરવાને બદલે પોતાનું બાઈક ઘટનાસ્થળે જ મૂકીને ત્યાંથી પલાયન થઈ ગયો હતો. ઘટના બાદ સ્થળ પર લોકોના ટોળા એકત્રિત થઈ ગયા હતા અને આસપાસના લોકોએ તાત્કાલિક 108 ઈમરજન્સી સેવાને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ 108 એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયને પ્રાથમિક સારવાર આપી ઈજાગ્રસ્ત મહિલા અને બાળકીને ત્વરિત શહેરની એસએસજી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે.

### કોમન યુનિવર્સીટી એન્ટ્રન્સ ટેસ્ટ 2026 અંગે જાહેરનામું પ્રસિદ્ધ

# 11 મેથી 31 મે દરમિયાન દેશ-વિદેશના વિવિધ કેન્દ્રોમાં કમ્પ્યુટર આધારિત ટેસ્ટ મોડમાં લેવાશે

**ફી ભરેલા** ઉમેદવારો માટે જ અપડેટ કરવાની મંજૂરી, એકવાર વિન્ડો બંધ થયા બાદ તક નહીં મળે

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા કોમન યુનિવર્સીટી એન્ટ્રન્સ ટેસ્ટ (યુજી) 2026 અંગે મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામા અનુસાર, અગાઉ અરજી કરનાર અને ફી ભરનાર ઉમેદવારોને પોતાના પસંદ કરેલા વિષયો સુધારવા માટે ખાસ તક આપવામાં આવી છે.

17 એપ્રિલથી 19 એપ્રિલ 2026 સુધી ઓનલાઈન વિન્ડો ખુલ્લી રાખવામાં આવી છે. આ નિર્ણયથી અનેક વિદ્યાર્થીઓને રાહત મળશે. ખાસ કરીને તેમને જેઓએ અગાઉ વિષય પસંદગીમાં ભૂલ કરી હતી, અથવા તેમના અભ્યાસક્રમ અનુસાર ફેરફાર કરવાની જરૂર હતી.

અરજી પ્રક્રિયા પહેલા 3 જાન્યુઆરીથી 30 જાન્યુઆરી સુધી ચાલુ હતી. જેમાં ફી ભરવાની છેલ્લી તારીખ 31 જાન્યુઆરી હતી. ત્યારબાદ ઉમેદવારોની માંગને ધ્યાનમાં રાખીને નોંધણીની સમયમર્યાદા 4 ફેબ્રુઆરી સુધી વધારવામાં આવી હતી અને ફી ભરવાની સુવિધા 7 ફેબ્રુઆરી સુધી ઉપલબ્ધ રખાઈ હતી.

વળી 23થી 26 ફેબ્રુઆરી દરમિયાન ફરીથી નોંધણી વિન્ડો ખોલવામાં આવી હતી. હવે, અનેક ઉમેદવારો તરફથી મળેલી રજૂઆતોને આધારે એનટીએ એ વિષયોમાં સુધારા માટે આ વિશેષ તક આપી છે.

એનટીએ એ વધુમાં જણાવ્યું છે કે, ઉમેદવારો નિયમિત રીતે સત્તાવાર વેબસાઈટ પર જઈને નવીનતમ અપડેટ્સ ચકાસતા રહે. કોઈપણ પ્રશ્ન અથવા સ્પષ્ટતા માટે એનટીએ હેલ્પડેસ્કનો સંપર્ક કરવાની પણ સૂચના આપવામાં આવી છે. એનટીએ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ પરીક્ષા 11 મેથી 31 મે 2026 દરમિયાન દેશ-વિદેશના વિવિધ કેન્દ્રોમાં કમ્પ્યુટર આધારિત ટેસ્ટ મોડમાં લેવામાં આવશે. આ પરીક્ષા દેશની વિવિધ યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાય છે.